ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)વિજ્ઞાન
અને પ્રૌધૌગીકી વિભાગ, ગુજરાત સરકાર માન્ય

# ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલીતકચ્છમિત્ર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર

સહકાર : રોટરી કલબ ઓફ ભૂજ - ફલેમીંગો

પ્રમુખ ડો.જે.જે.રાવલ,

---

પ્રતિ,                                                                 તા-૦૩-૧૨-૨૦૧૪

તંત્રી,

આજકાલ,

ભુજ - કચ્છ.

**વિષય- રાજ્ય કક્ષાના ૨૨ માં રાષ્ટ્રીય બાળવિજ્ઞાન પરિષદ (NATIONAL CHILDREN SCIENCE CONGRESS-2014) માં કચ્છની વિર્ધાર્થીનીઓના કચ્છ જિલ્લાના બે પ્રોજેકટની રાષ્ટ્રીય સ્તર માટેની પસંદગી**

જય વિજ્ઞાન સાથે જણાવવાનું કે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય અંતર્ગતના **NCSTC** -નેટવર્ક હેઠળ ના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસની ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (**GUJCOST**) દ્વારા રાજ્ય સ્તરની સ્પર્ધા તારીખ ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ સાયન્સ સીટી અમદાવાદ ખાતે યોજ્વામાં આવી હતી. જેમાં પુરા રાજ્યના જુદાજુદા જીલ્લાઓમાંથી ૩૦૦ જેટલી “આબોહવા અને હવામાનની સમજ મેળવવી” **(Understanding Of Weather & Climate)** એ થીમના આધારે જુદા જુદા જીલ્લાઓની જુદી જુદી શાળાઓએ પોતાના પ્રોજેકટ રજુ કર્યા હતા.જેમાં કચ્છ જિલ્લામાંથી પણ ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલીત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના માર્ગદર્શન હેઠળ કુલ્લ ૭ શાળાઓના વિધાર્થીઓ અને શિક્ષકોએ આ રાજ્ય સ્તરની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ માં ભાગ લીધો હતો. આ રાજ્ય સ્તરની સ્પર્ધામાં કુલ્લ ૨૬ પ્રોજેકટની પસંદગી કરવામાં આવી હતી. જેમાં કચ્છની માતૃછાયા કન્યા વિર્ધાલય ભુજ અને શેઠ ખીમજી રામદાસ કન્યા વિર્ધાલય માંડવી એ પણ

**9th Year Of Science Popularization In Kachchh – For The Community And Still Counting. . . . . . . .**

બાલભવન, ખેંગારપાર્ક, હમીસર તળાવની બાજૂમાં ભૂજ કચ્છ. ૩૭૦૦૦૧
☎: ફોન નં. ૦૨૮૩૨-૩૨૬૩૪૩. મો.૯૯૨૫૧૩૯૪૨૫..
Web :- www.ipsindia.org ઇ મેઇલ : akshay68@gmail.com

આ રાજ્ય સ્તરની કઠીન હરીફાઇમાં મેદાન માર્યુ હતુ. જે કચ્છ માટે અભૂતપૂર્વ સફળતા મેળવીને કચ્છ જિલ્લાનું નામ રાજ્ય સ્તરે રોશન કર્યુ.

આ રાજ્ય સ્તરની સ્પર્ધામાં માતૃછાયા કન્યા વિર્ધાલય ભુજ ની ટીમ લીડર શ્રૃતી ઠક્કર, માર્ગદર્શક શિક્ષીકા શ્રી ગીતાબેન ધોળકીયાની **"Is our Agriculture Climate Smart ? Or Would It Be?"** એ વિષય પર તથા માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા વિર્ધાલયની ટિમ લીડર પંડયા દેવાશી જયેશભાઇ માર્ગદર્શક શિક્ષીકા જાડેજા નીતાબા ની "આબોહવા,હવામાન અને આરોગ્ય" એ વિષય પર પોતાનૂં પ્રોજેકટ રજુ કર્યુ હતું. આ બને પ્રોજેકટની રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. અને હવે આગામી ૨૭ થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન બેંગ્લોર ખાતે યોજાનારા રાષ્ટ્રીય કક્ષાએ કચ્છ જિલ્લા વતી પોતાનું પતિનીધીત્વ કરશે. આ બન્ને ટિમના વિર્ધાર્થીઓને સાયન્સ સીટી અમદાવાદ ખાતે ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સેક્રેટરી શ્રી એસ.જે.હૈધરના હસ્તે શિલ્ડ અર્પણ કરવામાં આવ્યાં હતાં. તથા દરેક દરેક ભાગ લેનાર ને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. હવે આગામી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આ બન્ને ટિમોએ પોતાની તડામાર તૈયારી કરી રહયાં છે. અને લોક વિજ્ઞાન કેન્દ્ર તરફથી પણ તેમને ભરપૂર સહયોગ મળશે આ બન્ને ટિમોને આશા છે કે રાજ્ય સ્તરની સ્પર્ધાની જેમ આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પણ તેઓએ કચ્છ જિલ્લાનું નામ રાષ્ટ્રીય સ્તરે પણ રોશન કરશે. તેમની આ સફળતાએ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રનું પણ નામ ઉચું કર્યુ હતું. તેના માટે વિજ્ઞાન કેન્દ્રએ પણ તેમની આ સિધ્ધીનો બિરદાવી હતી.

આપના સાથ અને સહકારની અપેક્ષાસહ

લિ. આપનો વિશ્ર્વાસુ,
અક્ષય મલ્હોત્રા

**9th Year Of Science Popularization In Kachchh –
For The Community And Still Counting. . . . . . .**